Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

શ્રાવણ || ભાદરવો

પુસ્તક ૯૧ મું

અંક-૧૧ મો

૭ મી ઓકટોબર ૧૯૭૫

શ્રાવણ || ભાદરવો

વીર સંવત ૨૫૦૧

વિક્રમ સંવત ૨૦૩૧

## કાવ્ય

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પળાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

---

વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસ મૂળ;
ઔષધ જે ભવ રોગનાં, કાયરને પ્રતિકૂળ.

---

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુ:ખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

---

નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.

---

જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુ:ખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગદ્વેષ અણહેતુ.

—શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત પુષ્પમાળા

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૯૧ મું :: વાર્ષિક લવાજમ: પોસ્ટેજ સહિત ૬-૫૦

# अनुक्रमणिका



| ક્રમ | લેખ | લેખક | પા નં. |
|---|---|---|---|
| ૧. | શ્રી સોમપ્રભાચાર્ય કૃત૦ | ....સ્વ. મા. શામજીભાઈ હે. દેશાઈ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી | ૭ |
| ૫. | સમતા રસ પીઓ | ....રતીલાલ માણેકચંદ શાહ | ૮ |
| ૬. | સર્વોદયની ચાવી | ....લે. આચાર્ય અશોકચંદ્ર સૂ. મ. | ૧૦ |
| ૭. | શ્રમણ ભગવાન મહાવીર | ....શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મ૦ | ૧૨ |
| ૮. | ભગવાન મહાવીરના અંતિમ દેશનામાંથી | ....રતીલાલ માણેકચંદ શાહ | ૧૩ |
| ૯. | વિશ્વ માન્ય ધર્મ | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૪ |
| ૧૦. | ઓં સ્વાહા | ....ડાયાભાઇ મોતીચંદભાઇ વકીલ | ૧૫ |
| ૧૨. | નીતિ | .... | ૧૬ |



## અહિંસા ધ્વજ

(ચલતી)

અહિંસા અહિંસા અહિંસા જગાવો
મહાવીરની આજ્ઞાને દિલે વસાવો અહિંસા ટેક ૧
જીવ હિંસા કોઇ કરશો નહિ.
કોઈ જીવોને રણશો નહિ
જીવો અનાથ ગરીબ પશુના જાન બચાવો અહિંસા-૨
જીવો તમોને જીવવા દો
સુખ આપીને સુખ લીઓ
જીવો જગતના જીવવું ચાહે તેને જીવાડો અહિંસા-૩
દયા જ્ઞાન દીનને આપો
દુઃખી જીવોનાં દુઃખ કાપો
શુભાશિષ એ જીવોના લઈ જીવન અજવાળો અહિંસા-૪

લે:- અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૨ મું
અંક ૧૦-૧૧ મો | શ્રાવણ-ભાદરવો | વીર સં. ૨૫૦૧
વિક્રમ સં. ૨૦૩૧

## શ્રી સોમપ્રભાચાર્ય કૃત "સિંદુર પ્રકર"નું

( ગુજરાતી ભાષાંતર )

સિંદૂર પ્રકર સ્તપઃ કરિ શિરઃ ક્રોડે કષાયા (ડ) રવી
દાવાર્ચિ નિચયઃ પ્રબોધ દિવસ પ્રારંભ સૂર્યોદયઃ ।
મુક્તિ સ્ત્રી વદનેક કુચકુ કુંકુમ રસ, શ્રેયસ્તરોઃ પ્રલ્લવ
પ્રોલ્લાસઃ ક્રમયાં નખદ્યુતિ ભરઃ પાર્શ્વપ્રભોઃ પાતુવઃ ॥

તપરૂપ ગજના ગણ સ્થલમાં, કુંકુમના ઢગલા જેવી
કષાય અટવીમાં દાવાનળ, જ્ઞાનોદયમાં રવિ જેવી.
મુક્તિ સ્રીના (મુખ) સ્તનપર કુંકુ, કલ્પતરૂનાં અંકુરો.
પાર્શ્વપ્રભુના નખની કાંતિ, સર્વ જીવોનું શ્રેય કરો (૧)

રચયીતા : સ્વ. મા. શામજીભાઇ હેમચંદ દેશાઈ

For Private And Personal Use Only

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ ) લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય સદૈવાકેટિન નયન



તેણે આપણા વૈતાઢ્ય પાર્શ્વભાગમાં પડાવ નાખ્યો છે, બધે ઠેકાણે જય મેળવીને ષટખંડ ભરતને દબાવી ગર્વિષ્ટ થયેલો તે આજે આપણને દબાવીને નમાવવા ઈચ્છે છે "જુઓ આ બાણ તે આપણી પાસે દંડ અને સેવા માગે છે. વિનમિ વિદ્યાધરપતિએ બાણ જોઈને નમિને કહ્યું.

એ એમના મનમાં શું સમજે છે ? વડીલ થઈને પોતેજ મર્યાદાનો ભંગ કરે છે. તણુકારણી આપણને આપ્યુ નથી. આપણને તો દાદાજીએ આપ્યુ છે છતા નાહક આપણને દબાવવા આવ્યો છે.. તો આપણે પણ આપણો ભૂજ દંડ બતવવો જોઈએ ! નમિએ ગુસ્સાથી સર્વ સમક્ષ કહ્યું.


આપણા કુટુંબમા એ વોરા છે પૂજ્ય દાદાજી ઋષભદેવે તેમને વોરા તરીકે સ્થાપ્યા તો તેમણે આપણી ઉપર રહેમની નજરે જોવુ તો દૂર રહ્યુ, પણ આતો સેવકની જેમ આપણી પાસે દંડ માંગીને તાબેદાર બનાવવા ઇચ્છે છે.!"

ભલે તો આપણે પણ ઋષભદેવના પુત્રો છીએ એને પણ આપણું બળ બતાવીએ વિજયના મદમા મસ્ત બનેલો ભરત આપણા વિદ્યાધરાનું બળ ( બાહુબળ ) ભલે દેખે દેખે" હી છ ખંડ જીતીને આવેલા. ભરતચક્રી સામે યુદ્ધ કરવાને બંને વિદ્યાધરોએ શુર તૈયાર કર્યું વિદ્યાઓના પ્રભાવથી યુદ્ધની અનેક લીલા કરતા અને દુષ્મનો તે આંજી નાખતા તેમના સૈન્યો ચક્રવર્તીના સૈન્યો ઉપર ધસી ગયા. મહાજબર યુદ્ધ થયું 'વિદ્યાધરો વિદ્યાના બળે કીરને નવા નવા સ્વરૂપે કરતા, નવા નવા આયુર્ધા રચતા અને સેના સૈન્યનો નાસ કરવા ને પોતાની સર્વે નવી નવી વિદ્યાશકિતઓ અજમાવતા ચક્રવર્તીના સૈન્યમાં રહેલા તેના અંગરક્ષકો યક્ષો વિદ્યાધરો કરતાં ઘણી શકિતવાળા હતા. જેથી વિદ્યાધરોની દરેક વિદ્યાઓ યક્ષો નિષ્ફળ લાગ્યા જેમ જેમ વિદ્યાધરો નવીન વિદ્યાઓ અજમાવે તેમ તેમ યક્ષતાઓ તેનુ નિવારણ કરે. એવી રીતે યુદ્ધ કરતા. (ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



વાહનસહિત દુર્લંઘ્યપુરમાં પ્રવેશ કર્યો. તત્કાળ નલકુબર તૈયાર થઈ યુદ્ધ કરવાને આવ્યો; પરંતુ હાથી જેમ ચામડાની ધમણને પકડી લે, તેમ બિભીષણે સહજમાં તેને પકડી લીધો. સુર અને અસુરોથી અજેય એવું ઇંદ્રિ-સંબંધી મહાદુર્ધર સુદર્શન ચક્ર રાવણને ત્યાંથી પ્રાપ્ત થયું. પછી નલકુબર નમી પડયો એટલે રાવણે તેને તેનુ નગર પાછું સોંપી દીધું, કારણ કે પરાક્રમી પુરુષો જેવા વિજયના અર્થી હોય છે તેવા દ્રવ્યના અર્થી હોતા નથી પછી રાવણે ઉપરંભાને કહ્યું-"હે ભદ્રે ? મારી સાથે વિનયથી વર્તનાર અને તારા કુળને યોગ્ય એવા તારા પતિને જ તું અંગીકાર કર; કારણ કે તેં મને વિદ્યાદાન કર્યું તેથી તું તો મારા ગુરુસ્થાને છો, તેમજ પરસ્રીઓને હું માતા અને બહેન તરીકે જ જોઉં છું તું કાસધ્વજની પુત્રી છે અને સુંદરીના ઉદરથી ઉત્પન્ન થયેલી છે. તો બન્ને કુળમાં શુદ્ધ એવી તને કલંક ન લાગો." આ પ્રમાણે કહી તેને નલકુબર રાજાને સોંપી. જાણે રીસાઈને પિતાને ઘરે ગયેલી સ્રી નિર્દોષપણે પાછી આવે તેમ તે આવી. રાજા નલકુબરે રાવણનો મોટો સત્કાર કર્યો.

પછી ત્યાંથી રાવણ સેનાની સાથે રથનૂપુર નગરે આવ્યો. રાવણને આવેલો સાંભળીને મહાબુદ્ધિમાન સહસ્રાર રાજાએ* પોતાના પુત્ર ઇંદ્રપ્રત્યે સ્નેહપૂર્વક કહ્યું કે-"હે વત્સ! તારા જેવા મોટા પરાક્રમી પુત્રે જન્મ લઈને બીજા વંશની ઉન્નતિ ન્યૂન કરી આપણા વંશને પરમ ઉન્નતિને પમાડયો છે. આ બધી બાબત તેં એકલા પરાક્રમથી જ કરેલી છે; પરંતુ હવે નીતિને પણ અવકાશ આપવો જોઇએ. કોઈ વાર એકાંત પરાક્રમ વિપત્તિને પણ આપે છે અષ્ટાપદ વિગેરે બલિષ્ટ પ્રાણીઓ એકાંત પરાક્રમથી વિનાશ પામે છે. આ પૃથ્વી હંમેશાં બલવાનથી પણ અતિ બલવાન વીરોને ઉત્પન્ન કરે છે; માટે 'હું સર્વથી વિશેષ પરાક્રમી છું' એવો અહંકાર કોઇએ કરવો નહીં હાલમાં સુકેશ રાક્ષસના

* પૂર્વે સહસ્રાર રાજાએ દીક્ષા લીધનો અધિકાર આવી ગયો છે, પણ તે આ યુદ્ધ થયા પછીની હકીકત સમજવી + અષ્ટાપદ પર્વત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુળમાં સૂર્યસમાન લંકાપતિ રાવણ નામે એક વીર ઉત્પન્ન થયેલો છે, જે સર્વના વીરત્વને હરનારો છે, પ્રતાપમાં સૂર્ય જેવો છે, અને સહસ્રાંશુ જેવા વીરને કબજે કરનારો છે. વળી તેણે લીલામાત્રમાં કૈલાસ+ પર્વતને ઉપાડ્યો હતો, મરુત રાજાના યજ્ઞનો ભંગ કર્યો હતો, જંબૂદ્વીપના પતિ યક્ષરાજથી પણ તેનું મન ક્ષોભ પામ્યું નહોતું. અર્હંત પ્રભુની પાસે પોતાની ભુજવીણાવડે ગાયન કરતો જોઈને સંતુષ્ટ થયેલા ધરણેંદ્રે તેને અમોઘ શકિત આપી છે અને પ્રભુ, મંત્ર તથા ઉત્સાહ એ ત્રણે શકિતથી તે ઉર્જિત છે. વળી જાણે તેની બે ભુજા હોય તેવા તેની સરખા બે ભાઈઓ (કુંભકર્ણ અને વિભીષણ)થી તે ઉત્કટ છે, એ રાવણે તારા સેવક વૈશ્રવણને તથા યમને ક્ષણમાત્રમાં ભગ્ન કરી દીધા વાલીના ભાઈ વાનરપતિ સુગ્રીવને પોતાનો પત્તિ કર્યો છે અને જેની આસપાસ અગ્નિનો દુર્લંઘ્ય કિલ્લો હતો એવા દુર્લંઘ્યપુરમાં પણ પ્રવેશ કરીને તેના અનુજ ભાઈઓ નલ-કુબરને પણ કબજે કર્યો છે એવો તે વીર રાવણ અત્યારે તારી સાંમે આવ્યો છે: તો પ્રલયકાળના અગ્નિ જેવો એ ઉદ્ધત રાવણે પ્રણિપાતરુપ અમૃતવૃષ્ટિથી શમી જશે. તે સિવાય શાંત થશે નહિ માટે તારી રૂપવતી નામે સ્વરૂપવતી પુત્રી રાવણને પરણાવ કે જેથી એવો સંબંધ બંધાવાને લીધે તારે તેની સાથે ઉત્તમ સંધી થશે.', પિતાનાં આવા વચન સાંભળી ઇંદ્ર કોપ કરી બોલ્યો કે—'હે પિતા! આ વધ કરવા લાયક રાવણને મારી કન્યા કેમ કરીને આપું? કારણ કે તેની સાથે આધુનિક વૈર નથી પણ વંશપરંપરાનું વૈર છે. પિતા વિજયસિંહને તેના પક્ષના રાજાએ મારી નાખ્યા હતા તે સંભારો. તેના પિતામહ માળીને માથે જે મેં કર્યું હતું તે આને માથે કરીશ. એ ભલે આવે તે કોણ માત્ર છે? તમે સ્નેહને લીધે ભીરુ થઓ નહિ. સ્વભાવિક ધૈર્યને ધારણ કરો તમે તમારા પુત્રનું પરાક્રમ ઘણીવાર જોયેલું છે. શું તમે મારા પરાક્રમને જાણતા નથી?"

આ પ્રમાણે ઇંદ્ર કહેતો હતો તેવામાં દુર્ધર રાવણે રથનૂપુરનગરે આવીને પોતાની સેનાવડે તે નગરને ઘેરી લીધું. મહાપરાક્રમી રાવણે પ્રથમ દૂત મોકલ્યો તે દુતે મિષ્ટ વચનોવડે ઇંદ્રને કહ્યું કે—"હે ઇંદ્ર! જે રાજાઓ વિદ્યા અને ભુજાબળથી ગર્વિષ્ટ હતા તે સર્વેએ આવીને ભેટ ધરી રાવણની પૂજા કરેલી છે. રાવણની વિસ્મૃતિથી અને તમારી સરલતાથી આટલો કાળ ચાલ્યો ગયો, પરંતુ હવે ભકિત બતાવવાનો તમારે સમય આવ્યો છે તેથી તેના પ્રત્યે ભકિત બતાવો અથવા શકિત બતાવો જો ભકિત અને શકિત બંનેથી રહિત થશો તો એમના એમ વિનાશ પામી જશો" ઇંદ્ર બોલ્યો કે—"હે દુત! દીન રાજાઓએ તેને પૂજ્યો તેથી તે રાવણ મત્ત થઈ ગયો છે તેટલા માટે તે મારી પાસેથી પણ પૂજાની વાંચ્છા કરે છે, પરંતુ આટલો કાળ તો રાવણનો જેમ તેમ સુખને માટે ગયો પણ હવે તેનો આ કાળરૂપ કાળ આવેલો છે; માટે તું તારા સ્વામીને કહે કે તે ભકિત અથવા શકિત બતાવે. જો સકિત અને ભક્તિએ રહિત થશે. (ક્રમશ:)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક કથાસંગ્રહ (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

## [ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

દુષ્ટ ગંગદત્તે ધર્મદત્તને ઘેર જઇ રાજસભામાં થયેલી વાત તરત સુરૂપાને કહી સંભળાવી અને ધર્મદત્તે તેને આપેલા યવની પ્રાર્થના કરી, સુરૂપાએ ધર્મદત્તને જીવિત-થકી પણ વલ્લભ એવા યવ પોતાના યારને આપીને તે જગાએ બીજા યવ મૂકી દીધા અને તેણી કહેવા લાગી કે "હે નાથ ! જ્યારે સમય આવે ત્યારે બે હાથે કરીને તમે મને જ ગ્રહણ કરજો, લગ્ન સમયે મારા સ્વામીએ મને એક હાથે ગ્રહણ કરી છે, પણ તમે મને બે હાથે ગ્રહણ કરજો. જોજો, સુવર્ણરત્નાદિ વસ્તુના લોભમાં જીવતી જાગતી મને ન ભૂલી જતા"

સુરૂપાનાં વચન સાંભળીને ગંગદત્ત બોલ્યો: "પ્રિયા વહાલી ! ધીરજ રાખ ! બે હાથે હું તને જ લઇશ" એ પ્રમાણે સ્નેહથી તેણીને મનાવતો તે જલદી પોતાનું કાર્ય કરીને ત્યાંથી ચાલ્યો ગયો. સમય થતાં ધર્મદત્ત પણ પોતાને ઘેર આવ્યો અને રાજ-સભામાં મિત્ર સાથે જે વાત બની હતી તે પત્નીને સરળ સ્વભાવે કહી સંભળાવી, કેમ કે 'સરળસ્વભાવી માણસ શત્રુને પણ ગુપ્ત વાત કહી દે છે

પતિની વાણી સાંભળીને સુરૂપા બોલી-"તમે આ શું અનુચિત કાર્ય કર્યું ? સરતમાં તમે હારો ને મને એ ગ્રહણ કરે તો તેનો કોણ નિષેધ કરશે ?" એમ બોલતી તેણી ઉપપતિના (જારના) ધ્યાનમાં રક્ત ચિત્તવાળી થઇ.

"હું જાણું છું કે તું મારા આ કાર્યથી ભય પામે છે, પણ એ કોઈ રીતે સરતમાં મને જીતે તેમ નથી." આ પ્રમાણે કહીને તે સુરૂપાને ધીરજ દેતો હતો, છતાં કૃત્રિમ ખેદ કરતી તેણીએ યારના વિયોગે દુઃખે કરીને રાત્રિ પસાર કરી.

પ્રભાતમાં તેણીના આપેલા યવ લઈને મિત્રની સાથે વિશ્વાસથી ઠગાયેલો ધર્મદત્ત રાજસભામાં આવ્યો. ધર્મદત્તનું કુતૂહળ જોવાને સભા ચિકાર ભરાઇ હતી. કૌતુક જોવામાં અતિ ઉત્સુક ચિત્તવાળા રાજાએ ધર્મદત્તને યવ ઉગાડવાની આજ્ઞા આપી સભાજનો પણ આતુર નયને જોવા લાગ્યા. રાજાની આજ્ઞા મળવાથી ધર્મદત્તે યવને જમીનમાં વાવ્યાં, જળસિંચન કર્યું, પણ દાવાગ્નિથી દગ્ધ થયા હોય તેની માફક વારંવાર જળથી સિંચતાં છતાં તે ન ઉગ્યા. જેમ ગુરુ ભણાવી ભણાવીને થાકે પણ જડ શિષ્યને લાભ થાય નહિ તેમ ધર્મદત્ત સિંચી સિંચીને વિષણ્ણ ચિત્તવાળો થયો, છતાં યવને અંકુર માત્ર પણ ન ફૂટયા. (ક્રમશ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમતા રસપીઓ

લે:- રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

સુખઃદુખના સદભમા એટલું સમજી લેવું જોઈએ કે જગતના કોઈપણ પદાર્થો સુખ કે દુઃખ આપી શકતા નથી. સુખ કે દુઃખ તે તો આપણે પૂર્વે કરેલા કર્મોનો વિપાક થાય છે ત્યારે ઉદયમાં આવે છે, એટલે કે પૂર્વે કદેલા કર્મોનું જ તે ફળ છે; તેમાં નિમિત્ત ભુત અન્ય જણાય પણ તે તો નિમિત્ત માત્ર છે, હવે જો આપણે તે નિમિત્તને જ વળગીને સુખ દુઃખ આપનાર પર રાગ કે દ્વેષ કરીએ તો પાછા નવા કર્મો ઉપાર્જન કરીએ છીએ તે ન ભુલવું જોઇએ અને તે ભોગવવા જ રહ્યા.

જગતના અન્ય પદાર્થોના સંપર્કમાં આવતા સુખ દુઃખના પ્રસંગો ઉભા થતા જણાય છે. આ પ્રંસારમાં જ્ઞાની સિવાય બીજા કોઈ ને અન્યનો સ્વભાવ સર્વાંશે પસંદ આવતો નથી. પોતાનો સ્વભાવ સારો લાગે છે. અને અન્યના સ્વભાવમાં કોઇને કાંઇ દોષ જણાય છે. જે પરિણામમાં બીજાના સ્વભાવમાં દોષ જણાય છે, તે પરિણમમાં તેનાથી તેને દુઃખ જણાય છે; તેથી સમતા કેળવવી આવશ્ય છે.

પ્રતિકુળ સ્વભાવવાળા પ્રાણીઓનો સામનો કરવા લાગીશું તો, સંઘર્ષ કદાપી બંધ થશે નહિ કારણ કે પ્રતિકુળ સ્વભાવનાં પ્રાણી પ્રદાર્થો આ જગતમાં ટોટો નથી. માણસને પોતાના સ્વભાવમાં જે ખામી લાગે છે, તે પ્રયત્નો કરવા છતાં જલ્દી દુર થતી નથી, તો અન્યના સ્વભાવમાં જે ખામીઓ જણાય છે તે કેવી રીતે બદલાય ? તેથી વ્યવહારને સારો રાખવા માટે, જે વ્યક્તિઓ સાથે આપણે સંપર્કમાં આવીએ તેમાં જે જે સ્વભાવ જેટલો આપણુને અનુકુળ લાગે, તેટલાથી કામ લેવાથી આપણુને સંતોષ રહેશે કારણ કે ત્યાં સમતા સાધી શકાય છે.

સાચો પુરુષાર્થી માણુસ તે છે, કે જે બીજા પ્રાણી પદાર્થોના સંદભમાં પોતાની શાંતિ લુપ્ત કરી દેતો નથી. યુદ્ધમાં અનેકની કત્લ કરનાર વીર કહેવાતો નથી. પરંતુ જેનો સ્વભાવ બીજાના કાર્યથી લુપ્ત થતો નથી (ચલાયમાન થતો નથી) તેજ વીર છે. જયારે જ્યારે ચિત્તમા મૂળ સ્વભાવ પર અશાંતિનો સ્વભાવ આવી જાય ત્યારે તેને વિલીન કરીને મૂળ શાંતિમાં આવી જવું અને શાંતિથી ચલાયમાન ન થવું તેને 'અજિત સ્વભાવ' કહે છે. સત્ય હકીકત એ કે પ્રત્યેક દુર્જનોને સુધારી શકાતા નથી, તેથી પોતાના સ્વભાવથી વિચલિત થવું નહિ. આપણે તો એટલું કરવાનું છે કે આપણે આપણું ચિત્ત ચલાયમાન ન થવા દેવું. આકુળ-વ્યાકુળ થવું તેનું નામ દુઃખ છે અને શાંતિ એટલે જ સુખ છે.

રસ્તે ચાલતી પ્રત્યેક વ્યકિત સાથે આપણે ઝગડયા કરીશું તો મંઝિલે કયાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચી શકીશું ? કારણ કે તેની પછવાડે જ આપણો સમય વેડફાઇ જાય. બીજા પ્રાણી કે પદાર્થો મને સુખ પ્રદાન કરે તેવી આશા રાખવી વ્યર્થ છે, કારણ કે આ જગતમાં કોઇ કોઇનું બુરું કે ભલુ કરીજ શકતુ નથી કારણ કે જે કાંઈ બને છે તે પોતાને કર્માધિન બને છે, કદાચ તે નિમિત્ત રૂપ થાય એટલું જ જેમકે કુતરાને કોઈ પત્થર મારે તો તે પત્થર ને બટકા ભરવા દોડે છે, પરતુ મારનાર તરફ દૃષ્ટિ દોડવતો નથી, પરંતુ સિંહને કોઈ ગોળી મારે તો તેની દૃષ્ટિ ગોળી તરફ જતી નથી પણ મારનાર તરફ જ જાય છે. તેવી રીતે આપણે પણ નિમિત્ત તરફ દૃષ્ટિ ન દોડાવતા તેના મૂળમાં રહેલા જે કર્મ તે તરફ દોડાવવી જોઈએ એટકે કે કર્મોનો ખાત્મો બોલાવવો જોઈએ જેથી અક્ષય સુખની પ્રાપ્તિ થાય. વાસ્તવિક રીતે તો સત્ય એ છે કે પોતાનો આત્માજ સુખ અને આનંદ મય છે, સાચુ સુખ તેની અનુભૂતિથીજ પ્રાદુર્ભુત થઈ શકે તેમ છે. બહારના પદાર્થોમાંથી સુખ પ્રાપ્ત કરવાની અપેક્ષા સેવવી એ ભુલ છે. સંસારમાં માનેલું સુખ તે સાચુ સુખ નથી કારણ કે તે અક્ષય નથી. તેની પછવાડે દુઃખ આવીને ઉભું જ હોય છે. સાચુ સુખ તેને કહી શકાય કે જે અક્ષય હોય કાયમી ટકે તેવું હોય માટે પ્રત્યેક પ્રસંગે તટસ્થ વૃત્તિ કેળવવી.

આ જડ દેહથી ચૈતન્ય આત્મા જુદો જ છે, ફકત ભેદ, જ્ઞાન કરવાની જ જરૂર છે જયા સુધી આપણી દૃષ્ટિ દેહ ઉપર જ છે ત્યાં સુધી આત્માને ઓળખી શકાતો નથી, તેની અનુભુતિ થઈ શકતી નથી.

આપણે જ્યારે ચિત્તરૂપી આકાશ, અહંકારરૂપી વાદળા તથા તૃષ્ણારૂપી વર્ષાથી અલિપ્ત થઇએ ત્યારેજ આત્મારૂપી ચંદ્ર પ્રકાશથી ઝળહળી ઉઠે છે અને તેમાં લયલીન થતા મોક્ષનો આવિષ્કાર થાય છે.

## વીર નિર્માણ ઉજવણીના "જૈન" ના માહિતી વિશેષાંક.

ભાવનગર (ટપાલમાં) ભગવાન મહાવીરના ૨૫૦૦ માં નિર્વાણ મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે અત્રેથી નીકળતા "જૈન સાપ્તાહિકે ૪૦૦થી વધુ પાનામાં દળદાર વિશેષાંક પ્રગટ કરવાનું નક્કી કર્યું છે. દીવાળીમાં પ્રગટ થનાર આ વિશેષાંકમાં આ વરસ દરમિયાન દેશ અને વિદેશમાં મહોત્સવની ઉજવણી અંગે જે કાંઇ ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય કાર્યક્રમો થયા છે તેની સચિત્ર માહિતી આપવાનો પત્રનો હેતુ છે. આ પત્રના તંત્રીના જણાવ્યા મુજબ ઉજવણી અંગેના તમામ સમાચાર ભગવાન મહાવીર ૨૫૦૦માં નિર્વાણ મહોત્વ માહિતી વિશેષાંક c/o શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ, ૨૧૯, એ કીકા સ્ટ્રીટ ગોડીજી બીલ્ડીંગ બીજે માળે, મુંબઈ–૨ ના સરનામે મોકલી આપવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સર્વોદયની ચાવી—

લે. પં. ધર્મ વિજયજી મ૦ના શિષ્ય આ. અશોકચંદ્રસૂરી. મ૦ (ડહેલાવાળા)

એક દિવસે મેં એક ભાઈને પૂછયું ? કેમ વ્યાખ્યાનમાં આવતા નથી ? તેમણે જવાબ આપ્યો આપના વ્યાખ્યાનમાં આવવાનું ઘણુયે આકર્ષણ થાય છે. પરંતુ સમય મળતો નથી ?

તે ભાઈને મેં ફરી પૂછયું, સમય મળતો નથી ? વ્યાખ્યાનમાં વધુ વખત નથી ચાલતું, માત્ર એક કલાક ચાલે છે, તેટલો સમય ધારો તો તમો ખુશીથી મેળવી શકો?

તેમણે ખુલાસો કર્યો, આપને અમારા દૈનીક કાર્યક્રમનો ખ્યાલ આવે તો આપને લાગશે કે મારી વાત બરાબર છે. સવારે ઊઠીને નિત્યક્રમથી પરવારૂં ત્યાં સ્હેજે આઠ વાગી જાય છે. પછી એક કલાક ટ્યુશન આપવા જાઉં છું. નવ સવાનવે આવીને જમવા બેસું છું, જમીને દશની ગાડી પકડું ત્યારે માંડ માંડ અગ્યાર વાગે ઓફિસે પહોંચું છું. પરામાં રહેનારને બે ત્રણ કલાક તો ગાંડીમાં જ નીકળી જાય છે. મુંબઈના પરામાં રહેતા તે ભાઈએ ખુલાસો કર્યો નોકરી ઉપરાંત ટ્યુશન પણ કરો છો ? મે પુછયું ?

બીજું શું થાય ? અત્યારની મોંઘવ.રીના ખર્ચા તે સિવાય નિભાવવા મુશ્કેલ છે. અમે તો ત્રણ જણાજ છીએ પરંતુ મોટુ કુટુંબ જેને હોય તેને તો બે ત્રણ કલાક એકસ્ટ્રા કામ કરવું પડે છે. તેમણે ખુલાસો કરતાં કહ્યું.

આજની સ્થિતિ ખરેખર આવી જ છે. આજે એક બાજુ મહેનતનું પ્રમાણ વધ્યું છે, બીજી બાજુ પૂરતી મહેનત કરવા છતાં પણ માનવી પોતાની જરૂરીયાત પૂરતુ મેળવી શકતો નથી દિવસના આઠ–આઠ કલાક અને દશ–દશ કલાક કામ કરવા છતાં માનવી પોતાની નરી જરૂરીયાત પૂરતું ન મેળવી શકે પોતાની આવક જાવકના પાસાઓ સરખા કરી ન શકે એ એક વિચારણીય પ્રશ્ન છે ? હજુ થોડા વર્ષો પહેલાના જીવન પર દૃષ્ટિપાત કરીશું તો આપણને માલુમ પડશે કે માનવીને બહુજ ઓછા કલાક કામ કરવું પડતું હતું. તેટલા વખતમાં તે પોતાની જરૂરીયાત સહેલાઈથી મેળવી શકતો હતો. ભૂતકાળનો માનવી મસ્ત થઈને ફરતો હતો, સાત્વિક ખોરાક સાદાં કપડા અને જીવનની અન્ય આવશ્યકતાઓ તે સરલતાથી મેળવી લેતો હતો. ત્યારે આજે માનવી સવારથી સાંજ સુધી કાળી મજુરી કરે છે. છતાં તે પોતાના બે પાસા પૂરા કરી શકતો નથી ? તેનું કારણ શું ?

ભૂતકાળની અપેક્ષાએ આજે તો ઓછી મહેનત કરે તે વધુ મેળવી શકે તેમ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેમકે ભૂતકાળમાં યંત્રો ન હતા, બધુ કામ હાથે કરવાનું હતું. ત્યારે આજે માનવીની મદદે યંત્રો અને વિજ્ઞાન આવેલ છે યંત્રોની મદદથી આજે ઉત્પાદનની ઝડપ અનેક ઘણી વધી છે. આમ છતાં ભૂતકાળની અપેક્ષાએ કામના કલાક ઘટવાને બદલે વધતા કેમ જાય છે? આ પ્રશ્ન આજે ગંભીર વિચારણા માગે છે.

આજે માનવ માત્રની શકિત એકંદર કયા કયા કાર્યમાં ખર્ચાઈ રહી છે. તેનું પૃથકરણ કરીશું તો આ પ્રશ્નનો ઉકેલ આપણે સહેલાઇથી મેળવી શકીશુ માનવ સમાજની શકિત કેટલી જરૂરી કાર્યમાં ખર્ચાય છે? કેટલી બિન જરૂરી કાર્યમાં ખર્ચાય છે? કેટલી ઉત્પાદન કાર્યમાં ખર્ચાય છે? કેટલી વિનાશ કાર્યમાં ખર્ચાય છે? આ બાબતોનું પૃથકરણ કરીશું તો આપણને ખ્યાલ આવી જશે કે કામના કલાક વધવા છતાં આજે માનવી પોતાની જરૂરીયાત કેમ મેળવી શકતો નથી? પોતાની જરૂરીયાત મેળવવાની દિનપ્રતિદિન કેમ વધતી જાય છે, પ્રશ્નનું આ નિરાકરણ આપણે મેળવી શકીશું.

આજે માનવીની વધુમાં વધુ શકિત હિંસક શસ્ત્રોના ઉત્પાદનમાં ખર્ચાઇ રહેલી છે. હિંસક શસ્ત્રો વધારવાની આજે હરીફાઇ ચાલી રહેલ છે. ભૂતકાળમાં લડાયક સામગ્રી એટલે તલવાર, ભાલા અને તોપ, આટલી સામગ્રી દરેક દેશ રાખે એટલે તેમની પાસે છેલ્લામાં છેલ્લી ઢબની શસ્ત્રસામગ્રી છે. એમાં કહી શકાતું. આજે તેમાં અનેક ઘણો ઉમેરો થયો છે. તલવાર, ભાલા અને તોપ તો ભૂતકાળની યાદગીરી રૂપે મ્યુઝિયમમાં રાખવા યોગ્ય થઈ રહેલ છે. આજે તો લડાયક શસ્ત્ર સામગ્રીનું એક મોટુ લિષ્ટ થાય તેમ છે હવાઇ જહાજો, સબમરીનો, બોમ્બરો, મશીનગનો, આગબોટો, અણુબોમ્બો, વિગેરે અનેક પ્રકારની શસ્ત્ર સામગ્રી અબજોના ખર્ચે અને કરોડો માણસોની શક્તિના ખર્ચે દરેક દેશને રાખવી પડે છે આ ઉપરાંત એલચી ખાતાઓ પણ નભાવવા પડે છે. આ બધી શસ્ત્ર સામગ્રીનો ઉપયોગ કરી શકે તેવું લશ્કરી બળ, હવાઈ બળ, દરિયાઇ બળ, રાખવું પડે છે. દરેક માનવી દીઠ પડતો આ સરેરાસ ખર્ચનો બોજો કાંઈ ઓછો નથી?

લશ્કરી ખર્ચ અને શસ્રસામગ્રીનું ખર્ચ વધ્યું છે તે ઉપરાંત દરેક દેશમાં સરકારી ખાતાઓ પણ અનહદ પ્રમાણમાં વધી ગયાં છે. ભુતકાળમાં સરકારી ખાતાઓ ખાતા-ઓનું પ્રમાણ નહિ જેવું હતું આજે તો આ ખર્ચ પણ અનેક ગણું વધતું જાય છે. રેશનીંગ ખાતુ, સી. આઈ ડી. ખાતું વિગેરે અનેક ખાતાઓ આજે અસ્તિત્વમાં આવ્યા છે જેના નામો પણ કદી ભુતકાળમાં અસ્તિત્વમાં નહોતો. આ બધો ખર્ચ જે દરેક દેશની સરકાર નિભાવી રહી છે. (મશ.ક)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

## અહિંસા; અપરિગ્રહ અને અનેકાન્તવાદના મહાન ધર્મપ્રવર્તક

# શ્રમણ ભગવાન મહાવીર

લે:- શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

શ્રમણ ભગવાન **મહાવીર** પ્રભુનું પવિત્ર નામ સમગ્ર વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. વિશ્વના સર્વ ધર્મ પ્રવર્તકોમાં ભગવાન મહાવીરનું સ્થાન સર્વોપરિ સ્થાને છે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તવાદના સિદ્ધાન્તો સમગ્ર વિશ્વના ચરણે સુંદરમાં સુંદર રીતે રજુ કરનાર છેલ્લામાં છેલ્લા કોઈપણ ધર્મપ્રવર્તક મહાપુરુષ ભારત વર્ષના આંગણે થયા હોય તો આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે થયેલા શ્રમણ ભગવાન મહાવીર હતા. શ્રમણ ભગવાન મહાવીરના અહિંસા, અપરિગ્રહ તેમજ અનેકાન્તવાદના સિદ્ધાન્તોની આજની અશાંત પ્રજાને શાંતિ આપવા માટે અનન્ય સાધન તરીકે સાબીત થયાં છે.

### ભગવાન મહાવીરના નિર્વાણ કલ્યાણકના પવિત્ર પ્રસંગે આપણું કર્તવ્ય

ભગવાન મહાવીર એકલા જૈન ધર્મના જ ભગવાન ન હતા. સંખ્યાબંધ ઈતર ધર્મિઓએ એ ભગવાનના ચરણોમાં જીવન સમર્પિત કર્યું હતું અને આત્મકલ્યાણની સાધના કરી હતી. અનેક રાજા મહારાજાઓ, મહામાત્યો, ક્રોડપતિ, લક્ષાધિપતિ શ્રીમંતો, વિદ્વાન-બ્રાહ્મણ પંડિતો યાવત્ લક્ષાવધિ સ્ત્રીવર્ગ તેમજ અમુક શુદ્રવર્ગ પણ એ પ્રભુની ધર્મપરિષદમાં માનવંતુ સ્થાન હતું. આ ભગવાનનો ત્યાગ-વૈરાગ્ય તેમજ તપશ્ચર્યા અત્યંત ઉગ્ર કોટિની હતી, અને ક્ષમા સહિષ્ણુતા વગેરે સદ્ગુણો પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા.

અષાઢ સુદિ ૬ ચ્યવન કલ્યાણક, (દેવલોકમાંથી મનુષ્ય લોકમાં અવતરણ) ચૈત્ર સુદિ ૧૩ જન્મ કલ્યાણક, કાર્તિક વદિ ૧૦ દીક્ષા કલ્યાણક, વૈશાખ સુદિ ૧૦ કેવલ-જ્ઞાન કલ્યાણ અને આસો વદિ ૩૦ (દીવાળી)ના દિવસે પ્રભુનું નિર્વાણ કલ્યાક હતું આવા કારણે આ પાંચેય કલ્યાણકના દિવસોમાં કલ્યાણક મહોત્સવ ઉજવાય, એ નિમિત્તે પ્રભુ-ભક્તિના પ્રસંગો યોજાય, મહાવીર પ્રભુના જીવન પ્રસંગો આજની પ્રજા સમક્ષ વ્યવ-સ્થિત રીતે રજુ થાય, એ ભગવાનના આદેશો-ઉપદેશો જનતાને સમજાવાય અને જગતના સર્વ જીવોની વાસ્તવિક શાંતિ માટે મૈત્રી ભાવના કિંવા વિશ્વ બંધુત્વ માટે સક્રિય પુરુષાર્થ થાય તે ઘણું ઘણું હિતાવહ ગણાય. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના અંતિમ દેશનામાંથી—

( પચીસોમાં ભગવાન મહાવીર મહોત્વ નિમિત્તે )

લે:- રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

ગૃહસ્થ કે સાધુ જેણે કષાયોને શાંત કરી નાખ્યા છે, એ સંયમ અને તપનું પાલન કરીને દેવલોકમાં જાય છે.

---

પૂજનીય સંયમી અને જિતેન્દ્રિય સાધુઓનું ચારિત્ર સાંભળીને ચારિત્રવાન અને બહુશ્રુત મહાત્મા મૃત્યુ વખતે સંતપ્ત થતો નથી.

---

બુદ્ધિમાન સાધુ બન્ને ચરણોને સરખાવીને વિશેષતાવાળાને ગ્રહણ કરે છે ક્ષમાથી દયા ધર્મને વધારીને નથા ભૂત આત્મા થઇને આત્માને પ્રસન્ન કરે છે શ્રદ્ધાવાન સાધુ જ્યારે મૃત્યુકાળ આવે ત્યારે ગુરુજી પાસે મરણ ભયને દૂર કરે અને આકાંક્ષા રહિત થઈ પંડિત મરણને ઇચ્છે

---

મૃત્યુ વખતે શરીરનું મમત્વ છોડીને ભક્ત પ્રત્યાખાન ઈંગિત અને પાદોગમન એ ત્રણ મરણમાં કોઇ એક મરણ દ્વારા સકામ મરણે મરે.

---

જેટલા અજ્ઞાની પુરુષો છે, તેઓ બધા દુઃખ ભોગવે છે, મૂઢ પુરુષ અનંત સંસારમાં પુષ્કળ રખડે છે.

---

એટલા માટે પંડિત લોક મોહ જાળને દુર્ગતિનું કારણ જાણીને સ્વયં સત્યની શોધ કરે અને બધા પ્રાણીઓની મૈત્રી રાખે.

---

એ વિચારે કે મારા કરેલા કર્મનું ફળ ભોગવતી વખતે મારી રક્ષા કરવાનો માતા, પિતા, ભાઈ, સ્ત્રી, પુત્ર અને પુત્રની વહુ કોઈપણ સમર્થ નથી સમ્યગદષ્ટિ પુરુષ ઉપર કરેલી વાતને સ્વયં વિચારે અને સ્નેહનો તોડી દે પૂર્વ પરિચયની ઈચ્છાન કરે.

---

મણિ, કુંડલાદિ આભૂષણ, દાસ, દાસી, ગાય ઘોડાદિ પશુ આ બધાને છોડીને (સંયમ પાળવાથી) દેવ થાય છે.

---

ચલ, અચલ, સંપત્તિ, ધન, ધાન્ય, ઉપકરણ આદિ દુઃખ ભોગવતાં પ્રાણીને દુઃખમાંથી છોડાવવા સમર્થ નથી. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગયા અંકથી ચાલુ ) 

# વિશ્વમાન્ય ધર્મ

( દોહરા )

ગુણુ અવગુણુ નવ જાણીએ
તો ગુણી કેમ થવાય ?
ગુણુ અવગુણુ બે એકપણુ
સ્વભાવે જુદા થાય....૧૮૫

ગુણીને ગુણી મળે
રૂની પૂણી જેમ
નિંદા સ્તુતિ જગ સૌ કરે ?
અંધા આરસી પ્રેમ....૧૮૮

અવગુણુ ગુણુ ભાળે નહી
ગુણુ ભાળે અવગુણુ
કાચ લઈ ભાળે નહીં
કલઈ ભાળે જગ સ્થુળ....૧૮૬

આજે મૂરખ જે બને
કાલે પંડીત થાય
કાલે પંડીત હતો
આજે મુરખ ગાય...૧૮૯

દિપક પ્રકાશ સદ્ગુણસમ
તિમીર દુર્ગુણુ ધૂમ
દેહવત સંસાર સમ
મરણુ દીવેલ જનમ...૧૮૭

કરો ન પરિક્ષા કોઇની
કરવાથી શું લાભ
થુંક પાક થાએ નહીં
ગુણુ દોષનાં સૌ ગાભા....૧૯૦

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ ( ક્રમશ: )

## લવાજમ મોકલી આપો

શ્રી જૈન ધર્મ પ્રકાશનાં વાર્ષીક સભ્યોને ખાસ જણાવવાનું કે સંવત ૨૦૩૨ના વાર્ષિક લવાજમના રૂા ૬-૫૦ તુરત M. O થી મોકલી આપે જેઓ નહિ મોકલે તેઓનું નામ કમી કરવામાં આવશે

**નોંધ:**– ખાસ વી. પી. થી અંક મોકલાવવામાં આવશે નહિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઓં સ્વાહા

## શાંતિં ભવતુ તુષ્ટિભવતું પુષ્ટિ ભવતું વિ.

સ્વ. ડાયાભાઈ મોતીચંદભાઇ વકીલ

શાંતિ થાઓ સુખી અને સંતોષ થાઓ અને પુષ્ટિ એટલે વૃદ્ધિ વિ. થાઓ એવો સાધારણ અર્થ ઉપરના ત્રણ પદેનો થાય છે. આ ત્રિપદી અથવા ત્રણ પદો જૈનોમાં વારંવાર અને અનેક કૃતિઓમાં વપરાયેલા જોવામાં આવે છે. જયારે જૈનેતરોમાં અને અને ખસ કરીને સનાતન ધર્મના સાધુ સંન્યાસીઓમા તેમની કથા અને પ્રવચનોની શરૂઆતમાં અને અંતીમ ફકત ઓં શાંતિઃ શાંતિ શાંતિ પદો બોલવામાં આવે છે. ઉપર જણાવેલા ત્રણ પદો જૈનોની બૃહતશાંતિ સ્તોત્રમાં ખાસ કરીને વપરાયેલો જોવામાં આવે છે.

આચાર્યો પાદપાધ પદમાં ઓં બુતિર પુષ્ટિ પદમાં વિ. માંએ ત્રણ પદો જોવામાં આવે છે. એ સિવાય એજ સ્તોત્રમાં મોટે ભાગે એકલા શાંતિ પાઠનો ઉપયોગ કરેલો જોવામાં આવે છે.

શ્રીશ હરીને શ્રી અંધજગજન પદ અને તેના આક "શાંતિં ભવતુ" વાળા પદોમાં શાંતિ પાઠના જોવામાં આવે છે એ ઉપરાંત એ બૃહદ શાંતિ સ્તોત્રમાં ઓં અને સ્વાહા શબ્દનો વારંવાર ઉપયોગ કરેલો જોવામાં આવે છે.

જૈનોમાં ઓં શબ્દ પંચપરમેષ્ઠિવાચક છે જયારે જૈનેતરોમાં બ્રહ્મા, વિષ્ણુ; શિવની ત્રિપુટી વાળો અર્થ થાય છે.

સ્વાહા શબ્દ જૈનો તેમજ જૈનેતરોમાં અનેક વખતે વપરાયેલો જોવામાં આવે છે.

સ્વક આવા અથવા શુક આહા શબ્દો મળી સ્વાહા શબ્દ બનેલો લાગે છે. એનો સાધારણ અર્થ સારી રીતે આરોગો અથવા જગતમાત્રનું કલ્યાણ થાઓ. એવો થાય છે.

જૈનોએ જૈનેતરોનું અનુકરણ કર્યું છે કે જૈનેતરોએ જૈનોનું ઉપર જણાવેલી બાબતમાં અનુકરણ કર્યું છે કે એ પ્રશ્ન વિચારવા જેવો છે તો એ બાબતમાં વિદ્વાનો વિશેષ અજવાળુ પાડશે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

# નીતિ

( કૌન ગલીમે શ્યામ બતાદે સખી કૌન ગલીમે ગયો શ્યામ—એ રાગ )

卐—☸—卐

કૌન નીતિ મેં હે કલ્યાણ બતાદો
આત્મન કૌન નીતિ મે હે કલ્યાન...કૌન એ ટેક
ન હે સ્વતંત્રામેં સ્વછંદસે ન હૈ
પર શિક્ષાગ હરી પ્રવાહ
ઢુંઢ લીયે નીજ ભાન અષ્ટાંગસે
ઐશી નીતિ હે કલ્યાન ..કૌન—૧

યમ નિયમ આસન પ્રાણાયમ
ઉત્પતિ નીતિ હે ત્યાગ
હે પ્રત્યાહાર ધ્યાન ધારણા લય
નીતિ ત્યાગ વૈરાગ...કૌન—૨

સ્થિતિ સમાધી હૈ મુકિત સંસારે
નય નીતિ નિશ્ચય વ્યવહાર
પઇઠીઇ અણુભાગ પ્રદેશમેં ચતુર
ગ્યાન દર્શન ચારિત્રાધાર...૩

卐

— દુહા —

અંધાપો પોસાય નહિ. અંધ શ્રદ્ધા પોસાય;
ધર્મ અર્થ ને કામ મોક્ષ એળે સૌ વહિ જાય-૨

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર. ☎ ૪૬૪૦

For Private And Personal Use Only